# સમયના આદિથી અંત સુધી

૧ જુલાઈ, ૨૦૧૮

આત્મીય પાઠકો,

શુભ ગુરુપૂર્ણિમા માહ!

શું તમે ક્યારેય જરા થોભીને એ વિચાર કર્યો છે કે ચંદ્રમા પૃથ્વીની પરિક્રમા કરે છે તે કેટલું અદ્ભુત છે? એવી કોઈ વસ્તુ દેખાતી નથી જે ચંદ્રમાને આ પૃથ્વી ગ્રહ સાથે જોડતી હોય, આપણને એવું કોઈ દોરડું દેખાતું નથી કે કોઈ તાર દેખાતો નથી જે પૃથ્વી અને ચંદ્રમાને એકબીજા સાથે જોડીને રાખે. પરંતુ પ્રકૃતિ, આ બ્રહ્માંડના નિયમો અને ગુરુત્વાકર્ષણ — આ બધું સ્પષ્ટતાથી દર્શાવે છે કે કોઈ જોડાણ, કોઈ સંબંધ અવશ્ય છે જે અદૃશ્ય છે પણ શક્તિશાળી છે. અને આ જોડાણનો, આ સંબંધનો પ્રભાવ પ્રચંડ છે. ચંદ્રમાની કળા પ્રમાણે સમુદ્રમાં લહેરો ઊઠે છે અને પછી શમી જાય છે.

આ ઉદાહરણ વિશે કંઈક બહુ જ મનમોહક અને બોધપ્રદ વાત એ છે કે ભલે આની કોઈ ભવ્ય ઉદ્ઘોષણા નથી કરવામાં આવી જે ચંદ્રમા અને પૃથ્વી વચ્ચેના સંબંધ વિશે કહેતી હોય અને ભરતી-ઓટના પ્રવાહ સિવાય, તેમની વચ્ચે રહેલા આ સંબંધ વિશે કોઈ સંકેત નથી, તોપણ ચંદ્રમા અને પૃથ્વી વચ્ચેનો સંબંધ હંમેશાં રહે છે. આ બંને વચ્ચેની નિરંતર ગતિશીલતા, આદાન-પ્રદાન, પરસ્પર સ્વીકૃતિ અને બંનેનો એકબીજા પર પ્રભાવ — આ બધુ હંમેશાં થતું રહે છે ભલે આ ગ્રહ પર રહેતા જીવોને તેનો બોધ હોય કે ન હોય. આ બંને આકાશીય તત્ત્વો, પૃથ્વી અને ચંદ્રમાની વચ્ચે એક પ્રકારની પરસ્પર સમજ છે, પ્રકૃતિના નિયમો પ્રત્યે એક અનેરી સહમતી છે.

હા, એક માનવ તરીકે, આપણી પોતાની ગહન, તીવ્ર અને મુખ્ય જરૂરિયાત એ છે કે આપણને કોઈ જોડાણ, કોઈ સંબંધ જોઈએ છે. આપણી વૃત્તિ જ છે કે આપણે કોઈ એવા જોડાણને, એવા સંબંધને શોધીએ અને એ વિશેષ સંબંધમાં સ્થાપિત થઈએ, જે એકદમ સાચો અને આપણા માટે સ્વાભાવિક હોય. તે કદાચ ગુરુત્વાકર્ષણ બળ ન હોઈ શકે જે આપણને આ દિશામાં જવા માટે સતત સંકેત કરતું રહે; તથાપિ, કોઈ પ્રબળ શક્તિ નિશ્ચિતપણે છે. અને મારું માનવું છે કે આ શક્તિ આપણી બાહ્ય પરિસ્થિતિને નિયંત્રિત કરનારી શક્તિ કરતાં વધુ પ્રબળ, વધુ પ્રભાવશાળી છે. પ્રશ્ન એ છે : શું આપણે હૃદયના આ આદેશ, આ નિર્દેશ તરફ ધ્યાન આપીશું?

હું તમને એક પ્રસંગ કહેવા માંગું છું. આ ગ્રીષ્મઋતુની શરૂઆતમાં, એક દિવસ શ્રીગુરુમાઈ અનુગ્રહ બિલ્ડીંગની નીચેની લૉબીમાં ઊભાં હતાં. તેમની સાથે એક આફ્રિકન ગ્રે પોપટ પણ હતો. આ પોપટને પહેલીવાર સન ૧૯૯૧માં શ્રીગુરુમાઈ પાસે લાવવામાં આવ્યો હતો, ત્યારે તે માત્ર પાંચ મહિનાનો હતો અને તેના પીંછા પણ

ભાગ્યે જ નીકળ્યાં હતાં. તે શ્રી મુક્તાનંદ આશ્રમમાં ઘણાં વર્ષો સુધી રહ્યો હતો અને હવે તે તેની દેખરેખ રાખનાર એક વ્યક્તિ સાથે ફ્લૉરિડામાં રહે છે અને વર્ષમાં એકવાર આશ્રમ આવે છે.

તો આ સમયે, એ પોપટ આશ્રમમાં આવ્યો હતો. ગુરુમાઈજી નીચેની લૉબીમાં તેની સાથે હતાં અને તેના જાતજાતના મધુર અવાજને સાંભળી રહ્યાં હતાં. આવો અવાજ માત્ર આફ્રિકન ગ્રે પોપટ જ કાઢી શકે છે — લયબદ્ધ સીટી અને ઉતાર-ચઢાવ કરતો હળવો અવાજ. થોડાથોડા સમયે, સેવાકર્તાઓ લૉબીમાં પ્રવેશ કરતા, આગળ આવીને ગુરુમાઈજીને પ્રણામ કરતા અને પોપટને જોતા. આ પરસ્પર આદાન-પ્રદાન ખૂબ જ મધુરતા અને સહજતાથી થઈ રહ્યું હતું.

થોડીવાર પછી, ગુરુમાઈજીએ ઉપરની લૉબી તરફ જનારા પગથિયાં પર નજર કરી. એક વિઝિટીંગ સેવાકર્તા જેને ગુરુમાઈજીએ ઘણા સમયથી જોઈ ન હતી તે એ દિશામાંથી આવી રહી હતી. તેથી એ એકદમ યોગ્ય સમય હતો કારણ કે હવે આ સેવાકર્તા પાસે પણ સુઅવસર હતો કે તે આગળ આવીને શ્રીગુરુમાઈનાં દર્શન કરે અને હા, પક્ષીને પણ જુએ. ગુરુમાઈજી તેને *બોલાવવાના જ હતાં* કે અચાનક તે સેવાકર્તા ઝડપથી પગથિયાં ઊતરીને, દરવાજા તરફ વળી ગઈ અને પાછું ફરીને જોયા વગર જ બહાર નીકળી ગઈ.

પછી ગુરુમાઈજીએ આ પ્રસંગ વિશે મને કહ્યું, ''આ જે થયું તેમાં 'થોભવું અને જોડાવું'નું પાલન નથી કરવામાં આવ્યું. થોભવાની અને જોડાવાની તક હંમેશાં હોય છે.''

'થોભો અને જોડાઈ જાઓ'ની આ શિખામણ ગુરુમાઈજીના આ વર્ષના સંદેશ પ્રવચનમાંથી છે અને વર્ષ ૨૦૧૮માં જે સંકલ્પ પર કાર્ય કરવા માટે શ્રીગુરુમાઈએ આપણને કહ્યું છે, તેનો જ મુખ્ય ભાગ છે. આ રીતે જ આપણે કોઈપણ સમયે કોઈપણ જગ્યાએ આપણા પોતાના સત્સંગની રચના કરીએ છીએ. આપણે 'થોભીએ છીએ', એટલે કે આપણા મનના બબડાટથી બહાર નીકળવા માટે, આપણા મસ્તિષ્કમાં લગાતાર જે વાતો વિશે વિચારતા રહેવું આપણને ગમે છે તેનાથી દૂર જવા માટે આપણે થોડીવાર માટે થોભીએ છીએ; જે મનોભાવ આપણી અંદર ખળભળાટ મચાવે છે અને આપણે ઇચ્છીએ તેના કરતાં વધુ ધ્યાન માંગતો રહે છે તેનાથી દૂર જવા માટે આપણે થોડીવાર થોભીએ છીએ; આપણે વર્તમાનમાં રહેવા માટે પ્રયત્ન કરીએ છીએ. આપણે 'જોડાઈએ છીએ', અર્થાત્ આપણી સામે જે છે અને આપણી અંદર જે છે તેની સાથે જોડાઈ જઈએ છીએ, એટલે કે કૃપારસના એ અનંત પાત્ર સાથે જોડાઈ જઈએ છીએ જે આપણા તરફ વહી નીકળવા માટે *તૈયાર* છે.

'થોભો અને જોડાઈ જાઓ' — એ કેટલી ઉપયુક્ત શિખામણ છે, ગુરુપૂર્ણિમાના આ મહિનામાં અભ્યાસ કરવા અને ચિંતન કરવા માટે! જોડાવું, સંબંધ સ્થાપિત કરવો તે એ પ્રેરકશક્તિ છે જેનાથી આ પર્વનો ઉદ્ભવ થયો — ગુરુ અને શિષ્ય વચ્ચેનો સંબંધ, એક સાધક અને એમની વચ્ચેનો સંબંધ જેઓ જ્ઞાનના મૂર્તરૂપ છે તેમજ પરમ સત્યના જ્ઞાન પ્રદાતા પણ છે. આ સંબંધ પ્રત્યે કૃતજ્ઞતાવશ, મહર્ષિ વેદવ્યાસના શિષ્યો પોતાના શ્રીગુરુનું સન્માન અને પૂજન કરવા ઇચ્છતા હતા. અને તેથી, અષાઢ મહિનાની પૂર્ણિમા આ ઉદ્દેશ્ય માટે સમર્પિત છે; આ મહિનાની પૂર્ણિમાનો ચંદ્ર વર્ષનો સૌથી પૂર્ણ અને સર્વાધિક દેદીપ્યમાન ચંદ્ર હોય છે. (તમે વેબસાઇટ પર ગુરુપૂર્ણિમાની આખી વાર્તા વાંચી શકો છો.)

હું તમને પ્રોત્સાહિત કરું છું કે તમે ગુરુપૂર્ણિમાના દિવસે તેમજ તેની પહેલાંના દિવસો અને અઠવાડિયાઓ દરમ્યાન, શ્રીગુરુ અને તમારા વચ્ચે સંબંધ કેવો છે તેનું અન્વેષણ કરો. તમે જ્યારે આમ કરો છો ત્યારે એ સમજો કે આવા અન્વેષણ માટે નિરંતર સંલગ્નતા ખૂબજ આવશ્યક છે. તમે માત્ર એક જ વાર થોભીને જોડાવાનો અભ્યાસ નથી કરતા. તમે થોભવાનો અભ્યાસ વારંવાર કરો છો, તમે જોડાવાનો અભ્યાસ વારંવાર કરો છો, તમે તમારા હૃદયમાં પ્રવેશ કરો છો અને તેમાં ગહનથી ગહન ઊતરતા જાઓ છો કારણ કે આપણે જે સંબંધની વાત કરી રહ્યાં છીએ, તે કોઈ નિષ્ક્રિય કે ગતિહીન સંબંધ નથી, પરંતુ અત્યંત જીવંત, પ્રવાહશીલ અને સ્પંદનશીલ છે. આ સંબંધ વિવિધ રૂપ લેતો રહે છે અને તેમાં અનેક સૂક્ષ્મતાઓ રહેલી છે. આ સંબંધ પોતાનામાં જ એક સંપૂર્ણ લોક છે.

અને આ લોક, ચંદ્રમા અને પૃથ્વી વચ્ચે રહેલા બ્રહ્માંડના વિસ્તાર જેવો છે. તેમાં ‘‘મારું’’ કે ‘‘તારું’’ નથી. તેઓ એકબીજાના છે, પરંતુ કોઈનું કોઈના પર સ્વામિત્વ નથી; તેમાં પ્રેમ છે, પરંતુ એ પ્રેમમાં કોઈ હેતુ કે સ્વાર્થ નથી. હા, તેમાં કર્તવ્ય છે અને અનુશાસન પણ છે પરંતુ એવું નથી લાગતું કે તે બળપૂર્વક લદાયેલી ફરજો છે. એકબીજા સાથે જોડાયેલા રહેવાના આ સ્થાનમાં આપવું એટલું સહજ છે, જેટલું સમુદ્રની ભરતીમાં ઊઠતાં મોજાં, જે પૂર્ણતાથી છલકાઈને બહાર ફેલાઈ જાય છે. અને લેવું પણ એટલું જ સહજ-સ્વાભાવિક છે જેટલું કિનારા માટે જગ્યા બનાવી આપતી મૃદુલ ઓટ.

* * *

આ વર્ષે, ગુરુપૂર્ણિમાનો ચંદ્રમા ૨૭મી જુલાઈના દિવસે પોતાની પૂર્ણતા પર પહોંચશે. અને એ જ દિવસે પૂર્ણ ચંદ્રગ્રહણ પણ છે. તે એકવીસમી સદીનું સૌથી લાંબું ચંદ્રગ્રહણ હશે, જેની અવધિ ૧ કલાક અને ૪૩ મિનિટ હશે; તે ભારતમાં અને સમગ્ર એશિયામાં તથા મધ્ય પૂર્વીય દેશોમાં, આફ્રિકા, યુરોપ તથા દક્ષિણ અમેરિકામાં દેખાશે.

આ બંને પ્રસંગોનો એક અદ્‌ભુત સંગમ છે, ગ્રહણ અને ગુરુપૂર્ણિમા. એક વાત તો નિશ્ચિત છે કે આ એક અત્યંત શુભ સમય છે, એવો સમય જે આધ્યાત્મિક સાધના માટે સર્વશ્રેષ્ઠ છે અને મને લાગે છે કે આ ખગોળીય ઘટનામાંથી એ અર્થ પણ નીકળે છે કે ભલે આપણે આપણી બહિર્મુખ ઇન્દ્રિયોથી ચંદ્રમાને હંમેશાં ન જોઈ શકીએ, તોપણ તે પોતાના પૂર્ણ વૈભવ સાથે *ત્યાં જ હોય છે.*

આ પાવન દિવસ અને મહિનાનો અધિકાધિક લાભ લેવા માટે, ગુરુપૂર્ણિમાના પર્વને ઉત્કૃષ્ટ રીતે મનાવવા માટે ઘણીબધી રીત છે. આપણે નિશ્ચિતરૂપે ‘થોભો અને જોડાઓ’નો અભ્યાસ કરી શકીએ છીએ, અને આપણે આવું ફરી કરી શકીએ છીએ અને વારંવાર કરી શકીએ છીએ. અને — આપણે દક્ષિણા અર્પિત કરી શકીએ છીએ. પ્રાચીનકાળથી જ ગુરુપૂર્ણિમાના દિવસે દક્ષિણા અર્પિત કરવાની પરંપરા છે, અને આ પરંપરા આજે પણ ચાલી રહી છે.

આપણી પાસે દક્ષિણા અર્પિત કરવાનો અવસર છે, તે જ શ્રીગુરુની કરુણા વિશે ઘણું બધું કહે છે, કારણ કે જો તમે તેના વિશે વિચારશો તો જોશો કે શ્રીગુરુ પ્રત્યે કૃતજ્ઞતાને માપવી ખરેખર અસંભવ છે, આપણે નિરંતર જેટલું

પ્રાપ્ત કરી રહ્યાં છીએ તેટલું અથવા તેનો અંશમાત્ર પણ પાછું આપવું અસંભવ છે. તેમ છતાં દક્ષિણા અર્પિત કરવાના રૂપે તમારી પાસે ક્ષમતા છે કે તમે કંઈક કરી શકો. તમારી કૃતજ્ઞતાને વ્યક્ત કરવા માટે દક્ષિણા રૂપે તમારી પાસે એક યથાર્થ માર્ગ છે.

અને જ્યારે તમે દક્ષિણા અર્પિત કરો છો, જ્યારે તમે પોતાને શ્રીગુરુના ચરણકમળોમાં અર્પિત કરો છો, ત્યારે એક કીમિયાગરી અવશ્ય ઘટિત થાય છે. બની શકે કે શરૂઆતમાં તમને તેની જાણ ન પણ હોય. પરંતુ સમય જતાં, જેમજેમ તમે અર્પિત કરો છો, જેમજેમ તમે 'આપવાના' તમારા ભાવનો, 'આપવાની' તમારી શક્તિનો વિકાસ કરતા જાઓ છો, તેમતેમ તમને દેખાવા લાગે છે કે સાચે જ કંઈક ઘટિત થઈ રહ્યું છે; તમે સ્પષ્ટતાથી તેની અનુભૂતિ કરવા લાગો છો. તમે એ ઓળખવા લાગો છો કે 'આપવાના' આ અભ્યાસમાં એક શક્તિ અવશ્ય છે જે અવિરત રૂપે સ્પંદિત થઈ રહી છે અને તમે આ શક્તિમાં ઊતરીને તેના સ્પંદન સાથે એક થઈ જાઓ છો. આ 'આપવા' અને 'લેવા'નું ચક્ર છે. તે એક જીવંત, સક્રિય સંબંધ છે, તે બ્રહ્માંડમાં ચાલી રહેલું આદાન-પ્રદાન છે, જે તમારા પોતાના હૃદયમાં ઘટિત થાય છે.

હું તમને પ્રોત્સાહિત કરું છું કે તમે સ્વામી ઈશ્વરાનંદ દ્વારા લિખિત સુંદર આમંત્રણ વાંચો, જેમાં તેઓ આપણને ગુરુપૂર્ણિમાના ઉપલક્ષમાં દક્ષિણા અર્પિત કરવા માટે નિમંત્રિત કરે છે અને તમે અહીં જ, સિદ્ધયોગ પથ વેબસાઇટ દ્વારા દક્ષિણા અર્પિત કરી શકો છો.

આખા જુલાઈ મહિના દરમ્યાન વેબસાઇટ પર બીજી અનેક રીતો પણ ઉપલબ્ધ હશે, જેની મદદથી તમે ગુરુપૂર્ણિમા ઉજવી શકશો. ઉદાહરણ તરીકે, વેબસાઇટ પર ગુરુ-શિષ્ય સંબંધના વિષય પર વધુ પ્રકાશ પાડનારો એક લેખ હશે. ગુરુપૂર્ણિમા વિશે વાર્તાઓ હશે : અમીર ખુશરો અને તેમના ગુરુ, હઝરત નિઝામુદ્દીનની પારંપારિક વાર્તા અને છાંદોગ્ય ઉપનિષદમાંથી સત્યકામ-જાબાલની વાર્તા. ગુરુપૂર્ણિમાના દિવસે તમને એક સિદ્ધયોગ વિદ્યાર્થી દ્વારા કહેવામાં આવેલી વાર્તા વાંચવાનો અવસર મળશે, વિડીયો દ્વારા શ્રી મુક્તાનંદ આશ્રમના આકાશમાં ઉદિત પૂર્ણ ચંદ્રનાં દર્શન પણ થશે. આ ઉપરાંત તમારી પાસે, એ સદ્ગુણનું વધુ ગહનતાથી અન્વેષણ કરવાનો સુઅવસર હશે જે શ્રીગુરુમાઈએ પોતાના જન્મદિવસ પર આપણને પ્રદાન કર્યો હતો; આના માટે તમે વેબસાઇટ પર 'કર્મણ્યતા' પર વ્યાખ્યા વાંચી શકો છો.

ભારતના વારાણસીમાં, પંદરમી સદીમાં થઈ ગયેલા મહાન સંતકવિ કબીરજી, પોતાના એક ભજનમાં લખે છે :

> મોહી તોહી આદિ અન્ત બન આઈ
> અબ કૈસે લગન દુરાઈ ॥
>
> સમયના આદિથી અંત સુધી, તમારા અને મારા વચ્ચે એક સંબંધ છે. આ પ્રેમમાં હવે કોઈ દૂરી કેવી રીતે હોઈ શકે, આ પ્રેમ કેવી રીતે તૂટી શકે?[1]

આ શબ્દ કેટલા ગહન છે, ગુરુપૂર્ણિમાના મહિના દરમ્યાન આપણા હૃદયમાં ધારણ કરવા માટે! સંબંધથી, જોડાણથી આખરે આપણું તાત્પર્ય શું છે? આપણે જે અનુભવ સાથે જોડાઈએ છીએ તે શું છે? જે શ્રીગુરુ સાથેના

આપણા સંબંધમાં વહે છે અને આ સંબંધને અટૂટ બનાવી દે છે, તે શક્તિ શું છે? કબીર સાહેબ કહે છે કે તે છે લગન, પ્રેમ. આ એ જ પ્રેમ છે જે આપણા અંતરંગની ગહનતામાંથી ઉદ્‌ભવે છે, જે સમુદ્રના ઊંડાણમાં પાણીના પ્રવાહની જેમ સૌમ્યતાથી તરંગિત થઈ રહ્યો છે. આ પ્રેમ લલકથી અલંકૃત છે, અને એનો અનુભવ એ ક્ષણોમાં વિશેષરૂપે થાય છે જ્યારે એવું લાગે છે, જાણે આપણું હૃદય આ લલકભર્યા પ્રેમથી છલોછલ ભરાઈ ગયું છે અને ઊછળવા સિવાય તેની પાસે બીજો કોઈ રસ્તો જ નથી, કારણ કે આપણી અંદર ક્યાંક આપણને ખબર છે કે આપણે એક વિશાળ હૃદયનો હિસ્સો છીએ; અને આ વિશાળ હૃદય તે અસીમ વિસ્તાર જેવો છે જેમાંથી ચંદ્રમા અને તારા નીકળીને અનંતતામાં ફેલાઈ જાય છે.

આદર સહિત,

ઈશા સરદેસાઈ

[૧] અંગ્રેજી ભાષાંતર © ૨૦૧૮ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન.

© ૨૦૧૮ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.